| GJBK010002692019 | કેસ દાખલ થયા તારીખ | ૦૧/૦૨/૨૦૧૯ | | |
|---|---|---|---|---|
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૦૧/૦૨/૨૦૧૯ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ | **૦૯/૦૬/૨૦૨૬** | | |
| | **અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | **૦૭** | **૦૪** | **૦૮** |

**બનાસકાંઠા જિલ્લાના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**સેશન્સ કેસ નં. ૧૨/૨૦૧૯**

**(પાલનપુર તાલુકા પો.સ્ટે. ફસ્ટ ગુન્હા રજી. નં. ૯૪/૨૦૧૮)**

**ફરિયાદી :** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :**

૧. **રાહુલસિંહ હજુરસિંહ ડાભી**
ઉ.વ. ૨૦, ધંધો – ખેતી,

૨. **કિશનસિંહ અરજણસિંહ ડાભી**
ઉ.વ. ૨૧, ધંધો – ખેતી,

૩. **હજુરસિંહ શંકરસિંહ ડાભી**
(જેઓ ચાલુ કામે મરણ ગયેલ હોય તેમની સામેનો કેસ આંક. પર આધારે એબેટ કરવામાં આવેલ છે.)

૪. **અરજણસિંહ શંકરસિંહ ડાભી**
ઉ.વ. ૪૨, ધંધો – ખેતી,

૫. **સચિનસિંહ અરજણસિંહ ડાભી**
ઉ.વ. ૧૮, ધંધો – ખેતી,

૬. **સિંકદરસિંહ ઉર્ફે જીતુંસિંહ કુમારસિંહ ડાભી**
ઉ.વ. ૨૯, ધંધો – પ્રા. નોકરી,
રહે. હાથીદ્રા, તા. પાલનપુર,
જિ. બનાસકાંઠા.

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર

**ગુન્હો :** ઇ.પી.કોડની કલમ ૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૪૩, ૧૪૭,૧૪૮ મુજબ.

ફરિયાદી તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા
આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી એન.પી. ફોફાણી

**–:: જ જ મે ન્ટ ::–**

**૧.** હાલના કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ઇ.પી.કોડની કલમ– ૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૪૩,૧૪૭ અને ૧૪૮ મુજબના ગુનાનું તહોમત છે.

**૨.** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૦૬/૦૮/૨૦૧૮ ના રોજ ફરિયાદી બલસિંહ હિંમતસિંહ ડાભી રહે. હાથીદ્રા ઓરડા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા નાઓના ભત્રીજા સંજયસિંહ મહેન્દ્રસિંહ ડાભીને તેમના ગામના રાહુલસિંહ હજુરસિંહ સાથે સાંજના પાંચેક વાગ્યે બોલાચાલી તકરાર થયેલ હોઇ, જે અંગે ફરિયાદી અને આરોપી એકજ કુટુંબના હોય જે તે સમયે ફરિયાદ કરેલી નહી. ત્યારબાદ તા. ૦૭/૦૮/૨૦૧૮ ના સાંજના પાંચેક વાગ્યે તેમના ઘરના ઝાંપા આગળ રસ્તા ઉપર ફરિયાદી તથા તેમના મોટા ભાઇ મલસિહ હિંમતસિંહ તથા તેમના બે દિકરા રાજપાલસિંહ અને ગુણવંતસિંહ તથા ફરિયાદીના ભત્રીજા દિનેશસિંહ કેવળસિંહ, અરવિંદસિંહ અરજણસિંહ તથા સંજયસિંહ મહેન્દ્રસિંહ તથા ગુલાબસિંહ જુજારસિંહ ડાભી નાઓ ફરિયાદીના મોટા ભાઇ મલસિંહ નાઓનું ટ્રેકટર લઇ ઉભેલ હતા તેવામાં તેમના ગામના હજુરસિંહ શંકરીસંહ ડાભી તેમની ગાડી નં. જી.જે. ૨ એ–૬૧૪૧ ની માં તેઓ તથા તેમના દિકરા રાહુલસિંહ તથા તેમના ભાઇ અરજણસિંહ શંકરસિંહ ડાભી તથા તેમના દિકરાઓ કિશનસિંહ અરજણસિંહ અને સચીનસિંહ અરજણસિંહ

તથા તેમના ભત્રીજા સિંકદરસિંહ કુમારસિંહ નાઓ તેમના ખેતર તરફથી આવેલા અને તેમની ગાડી ઉભી રાખી તેમાંથી હજુરસિંહ શંકરસિંહ ડાભી નાઓ ખાલી હાથે તથા રાહુલસિંહ હજુરસિંહ તેમના હાથમાં તલવાર લઇ તથા અરજણસિંહ શંકરસિંહ ડાભી તથા કિશનસિંહ અરજણસિંહ અને સચીનસિંહ અરજણસિંહ તથા સિકંદરસિંહ કુમારસિંહ  નાઓ તેમના હાથમાં લાકડીઓ લઇ ગાડીમાંથી ઉતરેલા અને તેઓ એકસંપ થઇ ફરિયાદીની પાસે આવેલ અને તેઓને જણાવેલ કે, કેમ તારા ભત્રીજા સંજયસિંહ મહેન્દ્રસિંહ એ મારા દિકરા રાહુલસિંહ સાથે ગઇકાલે બોલાચાલી કરી તકારાર કરેલ હતી, તેમ કહી જેમ તેમ ભુંડી ગાળો બોલવા લાગતાં, ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતાં, આ હજુરસિંહ શંકરસિંહ ફરિયાદીને એકદમ બાથે પડેલા અને અરજણસિંહ શંકરસિંહ ડાભી તથા કિશનસિંહ અરજણસિંહ અને સચીનસિંહ અરજણસિંહ તથા સિંકંદરસિંહ કુમારસિંહ નાઓ તેમના હાથમાં લાકડીઓથી ફરિયાદીને આડેધડ પીઠ તથા કમરના ભાગે મારવા લાગતાં, ફરિયદીનો ભત્રીજો દિનેશસિંહ છોડાવવા વચ્ચે પડતાં તેને પણ આ લોકોએ આડેધડ લાકડીઓથી માર મારવા લાગતાં, તેવામાં રાહુલસિંહ તેમના હાથમાંની તલવાર ફરિયાદીને મારવા ઉગામતાં ફરિયાદીના મોટા ભાઇ મલસિંહ નાઓએ તેનો હાથ પકડી લઇ ફરિયાદીને મારવા દીધેલ નહી અને ફરિયાદીની સાથેના મલસિંહ હિંમતસિંહ તથા તેમના બે દિકરા રાજપાલસિંહ અને ગુણવંતસિંહ તથા અરવિંદસિંહ અરજણસિંહ તથા સંજયસિંહ મહેન્દ્રસિંહ તથા ગુલાબસિંહ જુજારસિંહ ડાભી નાઓ વચ્ચે પડી તેમને વધુ મારમાંથી છોડાવેલ અને આ લોકોને સમજાવી તેમના ઘર તરફ રવાના કરતાં તેઓ જતા જતા કહેતા હતા કે આજે તો આ લોકો આવી જતાં તમો બચી ગયેલ છો પરંતુ હવે પછી મારા

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા-પાલનપુર

દિકરાનું નામ લીધેલ છે તો તમોને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપતા ગયેલા. ત્યારપછી ફરિયાદી તેમના ઘરે જતા રહેલ અને આ લોકોએ તેમના વિરૂધ્ધમાં અરજી કરેલ હોઈ જે કામે તા. ૭/૦૮/૨૦૧૮ ના રોજ તેઓને પો.સ્ટે. લાવેલ અને તેઓ સાથે તા. ૭/૦૮/૨૦૧૮ ના રોજ સાંજના પાંચ વાગે તેમના ગામે તકરાર થયેલ હોઈ અને ઈજા થયેલ હોઈ તેઓએ ફરિયાદી ઉપર ફરિયાદ કરતાં, તા. ૦૮/૦૮/૨૦૧૮ ના રોજ ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર થવા પાલનપુર તાલુકા પો.સ્ટે. ના પી.એસ.ઓ. રૂબરૂ ફરિયાદ નોંધાવેલ.

3. ફરિયાદીની ફરિયાદ આધારે પી.એસ.ઓ. એ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ ત.ક.અધિકારીને સોંપતાં, ત.ક.અધિકારીએ ગુન્હાની તપાસ સંભાળી લઈ તપાસના અંતે આરોપીઓ મળી આવતાં તેમની વિરૂધ્ધ પાલનપુરના વિ. ચીફ જયુડી.મેજી. શ્રીની કોર્ટ સમક્ષ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે, જે ક્રિમી.કેસ નં. ૨૩૦/૨૦૧૯ થી રજીસ્ટર કરવામાં આવેલ.

૪. સદર કામે આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલશ્રીની જરુર છે કે કેમ ? તેવી ખાત્રી કરતાં આરોપીઓએ પોતાનાં ખર્ચે વકીલશ્રી રોકેલ હોવાનું જણાય છે. ત્યારબાદ, સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની એક માત્ર સત્તા સેશન્સ અદાલતને હોય, વિ. ચીફ જયુડી.મેજી. શ્રી, પાલનપુર નાઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૯ અન્વયે આ કેસો સેશન્સ અદાલતને કમીટ કરેલ છે., જેને સેશન્સ કેસ નં. ૧૨/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. ત્યારબાદ, આ સેશન્સ કેસોની સુનાવણી આ સેશન્સ અદાલત

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર

મારફત હાથ ધરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે

૫. આ કામનાં આરોપીઓ વિરુધ્ધ અત્રેની કોર્ટ ધ્વારા આંક. ૧૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૩૦૭,૩૨૩, ૨૯૪(ખ) અને ૫૦૬(૨) મુજબનાં ગુન્હા અંગેનું તહોમતનામું ફરમાવી આંક. ૧૨ થી આંક. આંક. ૧૭ સુધી આરોપીઓનો જવાબ લેતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં, આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ, જેમાં ફરિયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે. કેસ કાર્યવાહી દરમ્યાન આરોપી નં. ૩ હજુરસિંહ શંકરસિંહ ડાભી મરણ ગયેલ હોય આંક. ૫૨ આધારે આરોપી નં. ૩ સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ, અને બાકીના આરોપીઓ સામેના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૬. ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો.

**(એ) <u>મૌખિક પુરાવો</u> :–**

| **ક્રમ** | **આંક** | **સાહેદની વિગત** |
|---|---|---|
| ૧. | ૨૨ | ફરિયાદી બલસિંહ હિંમતસિંહ ડાભીની જુબાની |
| ૨. | ૨૬ | સાહેદ મલસિંહ હિંમતસિંહ ડાભીની જુબાની |
| ૩. | ૨૯ | સાહેદ ગુણવંતસિંહ મલસિંહ ડાભીની જુબાની |
| ૪. | ૩૧ | પંચ ગોબરસિંહ દલપતસિંહ ડાભીની જુબાની |
| ૫. | ૩૫ | પંચ પીરસિંહ હમીરસિંહ ડાભીની જુબાની |
| ૬. | ૩૭ | પંચ સુરજસિંહ રંગતસિંહ ડાભીની જુબાની |
| ૭. | ૪૦ | પંચ દીલુસિંહ નાનુસિંહ ડાભીની જુબાની |
| ૮. | ૪૨ | પંચ દેવુસિંહ વિજુસિંહ વાઘેલાની જુબાની |
| ૯. | ૪૪ | પંચ ભગાજી કાનાજી ઠાકોરની જુબાની |

| | | |
|---|---|---|
| ૧૦. | ૪૭ | પી.એસ.ઓ. અરવિંદસિંહ કરણસિંહ ચૌહાણની જુબાની |
| ૧૧. | ૫૭ | ત.ક.અધિકારી અશોકકુમાર યશવંતભાઇ પટેલની જુબાની |

(બી) **દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૨૩ | ફરિયાદ |
| ૨. | ૩૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૩૩ | પંચોની સહી વાળી કાપલી |
| ૪. | ૩૪ | પંચોની સહી વાળી કાપલી |
| ૫. | ૩૮ | આરોપીનં. ૨ ની શરીરિસ્થિતિ તથા હથિયાર કબજે કર્યાનું પંચનામું |
| ૬. | ૪૧ | પંચનામું |
| ૭. | ૪૩ | આરોપી નં. ૪ ની શરીરસ્થિતિ તથા હથિયાર કબજે કર્યાનું પંચનામું |
| ૮. | ૪૮ | સુચિપત્ર |
| ૯. | ૫૮ | એફ.આઇ.આર. માં કલમ–૩૦૭ નો ઉમેરો કરવા કરેલ યાદીની નકલ |
| ૧૦. | ૫૯ | મે.ઓ. સિવિલ હોસ્પિટલ, પાલનપુરને આરોપીઓની મેડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ આપવા કરેલ યાદી તથા તે પાછળ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧. | ૬૦ | મામલતદારશ્રીને ગુન્હા વાળી જગ્યાનો નકશો બનાવી મોકલી આપવા કરેલ યાદી |
| ૧૨. | ૬૨ | રવાનગી પત્રક |
| ૧૩. | ૬૩ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ૧૪. | ૬૪ | એફ.એસ.એલ. નો પત્ર |
| ૧૫. | ૬૫ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૧૬. | ૬૬ | એફ.એસ.એલ. સીરોલોજી વિભાગનો રીપોર્ટ |
| ૧૭. | ૭૫ | ગુનાવાળી જગ્યાનો નકશો |

૭. ઉપર મુજબનો પુરાવો લીધા બાદ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેઓની વિરુધ્ધના ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તથા તેમના સાહેદો ઉપર તેમની ઉપર ગંભીર હુમલો કરવા બદલ પાલનપુર તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૯૩/૨૦૧૮ થી ગુન્હો દાખલ કરાવેલ જેનો ધ્વેષ રાખી તે ગુન્હાથી બચવા હાલની ખોટી ફરિયાદ કરેલ છે અને ખોટું ચાર્જશીટ કરેલ છે તેમ જણાવેલ છે. આરોપીઓ તરફે તેમના બચાવમાં કોઈ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલ નથી પરંતુ આંક. ૬૮ ના લીસ્ટથી આરોપી નં. ૬ વાળાનું ગુન્હો બન્યાના દિવસનું સી.સી.ટી.વી. ફૂટેજની સી.ડી.ની નકલ તથા આરોપી નં. ૬ નું ફોટોગ્રાફ રજુ કરેલ છે.

૮. ફરિયાદપક્ષે વિ. એડી. પી.પી. શ્રી ડી.એચ. છાપીયાને સાંભળ્યા. તેઓએ તેમની દલીલોમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનું ઈ.પી.કોડની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ) અને ૫૦૬(૨) મુજબના ગુન્હાનું તહોમત નિ:શંક પણે પુરવાર કરેલ છે. આ કામના ફરિયાદી તેમજ સાહેદોના પુરાવા તથા ત.ક.અધિકારીના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થન મળે છે. આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ દિનેશસિંહને પીઠ તથા કમરના ભાગે લાકડીઓથી આડેધડ માર મારી સ્વેચ્છાપુર્વકની ઈજા તેમજ મહાવ્યથા નિપજાવી તેમજ જીવલેણ ઈજાઓ પહોંચાડી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ હોવાનું શંકા રહીત પુરાવાથી પુરવાર થતું હોય, આરોપીઓને તકસીરવાર ઠરાવી સખ્ત સજા કરવા રજુઆત કરેલ

છે.

૯. આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી એન.પી. ફોફાણીને સાંભળ્યા. તેઓ તરફે મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદી તથા આરોપીઓને તેમના ઘર પાસે જતા રસ્તા બાબતે તકરાર ચાલતી હતી અને હજુરસિંહ બાઇક લઇને આવતાં તેમના ઘર આગળ રસ્તેથી પસાર થતાં બાઇક સ્લીપ ખાઇ જતાં તેઓ પડી જતાં તેમન ઈજાઓ થયેલી છે. આરોપીપક્ષના છોકરા છોકરાઓ વચ્ચે તકરાર થયેલી હતી તે બાબતનું મનદુ:ખ રાખી ફરિયાદ આપેલી છે. આરોપીઓ તરફથી કોઇ માર મારવામાં આવેલ નથી કે કોઇ ધાક ધમકી કે ગાળો આપવામાં આવેલ નથી. ફરિયાદીનો પુરાવો જોતાં કુટુંબના આગેવાનોના કહેવાથી ફરિયાદ આપેલી છે. સાહેદોનો પુરાવો જોતાં પણ આરોપીઓ વિરૂધ્ધની કોઇ હકીકત નીકળી આવતી ન હોય, પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય, આ કામે કોઇ મેડીકલ એવીડન્સ નથી ત્યારે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકા રહીત પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આરોપીઓને નિર્દ્રોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૧૦. ઉપરોકત સંજોગોમાં આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે :-

૧. શું ફરિયાદપક્ષ નિ:શંક પણે એ બાબત પુરવાર કરે છે કે, તા. ૬/૦૮/૨૦૧૮ ના રોજ ફરિયાદીના ભત્રીજા સંજયસિંહ અને આરોપી નં. ૧ રાહુલસિંહ વચ્ચે બોલાચાલી થયેલ તેની અદાવત રાખી આરોપીઓએ એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી, પોતાના હાથમાં તલવાર લાકડીઓ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, જાનથી મારી નાંખવાના ઈરાદે આરોપી નં. ૩

હજુરસિંહ શંકરસિંહ ડાભી તેના કબજામાંની ગાડી ફરિયાદી તથા સાહેદોના ઉપર નાંખી દીઇ ગાડીમાંથી નીચે ઉતરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદી તથા સાહેદને ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપી, આરોપી નં. ૩ હજુરસિંહ શંકરસિંહે ફરિયાદીને બાથે પડી તથા અન્ય આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ દિનેશસિંહને પીઠ તથા કમરના ભાગે લાકડીઓથી આડેધડ માર મારી સ્વેચ્છાપુર્વકની વ્યથા તેમજ જીવલેણ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની જાસા ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઇ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ) તથા ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુંકમ ?

**૧૧.** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદ્દા નં. ૧</u> :–**

**૧૨.** હાલના કેસની ચર્ચા કરતાં પહેલાં ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ખાસ કરીને નામદાર જુદી જુદી વડી અદાલતો અને નામદાર સુપ્રિમકોર્ટના જુદા જુદા ચુકાદા અન્વયે ફરિયાદપક્ષનો કેસ સંપુર્ણપણે એટલે કે નિ:શંક પણે અને સચોટપણે પુરવાર કરવો જોઇએ. નામદાર સુપ્રિમકોર્ટના તાજેતરના જુદા જુદા ચુકાદાઓ મુજબ અદાલતે ઘઉંમાંથી કાંકરા નહી પરંતું કાંકરામાંથી ઘઉં શોધવાના હોય છે. એટલે કે, નામદાર સુપ્રિમકોર્ટના ધ્યાન ઉપર આવેલ છે કે, ફરિયાદપક્ષના કેસમાં કયારેક નબળાઇ, ખોટ

અથવા અધૂરાપણું જણાતું હોય છે, પરંતું તેને કારણે અથવા તો ફરિયાદપક્ષના તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે ફરિયાદપક્ષનો કેસ સંપંર્ણપણે ફેંકી દઇ શકાય નહી. કારણ કે, સત્ય એ સત્ય જ રહે છે. એટલું જ નહિ પરંતું ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારશ્રી ખોટી રીતે તહોમતદારને કોઇ પણ ગુન્હામાં સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપુર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યકિતને સજા ન થઇ જાય અને તેજ રીતે તહોમતદાર સજામાંથી કે ગુન્હામાંથી છટકી ન જાય તે પણ બાબત નમ્રતાપણે ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરિયાદપક્ષના કેસમાં ઘણા બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ ? એટલે કે ફરિયાદપક્ષના સાક્ષીઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતું ફરિયાદપક્ષના જે જે સાક્ષીઓની જુબાની થઇ હોય તેની લાયકાત (quality) જોવાની હોય છે. એટલે કે, પુરાવાનું મુલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને "વીકટીમોલોજી" એટલ કે, ભોગબનનારને ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિધ્ધાંત જળવાઇ રહે અને તહોમતદારને પુર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે. નામદાર સુપ્રિમકોર્ટના તાજેતરના ચુકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષી માનવા લાયક, ભરોસાપાત્ર, કુદરતી અને વિશ્વાસ લાયક હોય તો તેની જુબાની માનીને પણ સજા થઇ શકે. તેજ રીતે ફરિયાદપક્ષે ૪૦-૫૦ સાહેદો તપાસેલા હોય અને માનવા લાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વાસપાત્ર ન હોય તો ૪૦-૫૦ સાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટુંકમાં દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ અલગ હોય છે.

૧૩. આ કામે આરોપીઓ વિરુધ્ધ આંક–૧૧ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, તા. ૬/૦૮/૨૦૧૮ ના રોજ ફરિયાદીના ભત્રીજા સંજયસિંહ અને આોરપી નં. ૧ રાહુલસિંહ વચ્ચે બોલાચાલી થયેલ તેની અદાવત રાખી આરોપીઓએ એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી, પોતાના હાથમાં તલવાર લાકડીઓ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, જાનથી મારી નાંખવાના ઈરાદે આરોપી નં. ૩ હજુરસિંહ શંકરસિંહ ડાભી તેના કબજામાંની ગાડી ફરિયાદી તથા સાહેદોના ઉપર નાંખી દીઇ ગાડીમાંથી નીચે ઉતરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદી તથા સાહેદને ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપી, આરોપી નં. ૩ હજુરસિંહ શંકરસિંહે ફરિયાદીને બાથે પડી તથા અન્ય આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ દિનેશસિંહને પીઠ તથા કમરના ભાગે લાકડીઓથી આડેધડ માર મારી સ્વેચ્છાપુર્વકની વ્યથા તેમજ જીવલેણ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની જાસા ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઇ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ) તથા ૫૦૬(૨) મુજબ શિક્ષાપાત્ર ગુન્હા કરેલ હોવા મતલબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

૧૪. સૌપ્રથમ ફરિયાદીનો પુરાવો જોવામાં આવે તો, ફરિયાદી બલસિંહ હિંમતસિંહ ડાભી તેમની આંક. ૨૨ ની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થનકારક પુરાવો આપે છે જયારે તેમને રીકોલ કર્યા બાદ કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે , તેમને તથા આરોપીઓને તેમના ઘર પાસે જતા રસ્તા બાબતે તકરાર ચાલતી હતી. હજુરસિંહ બાઇક લઇને આવતાં હતા ત્યારે તેમના ઘર આગળ જતા રસ્તેથી પસાર થતી વખતે બાઇક સ્લીપ ખાઇ જતાં તેઓ પડી ગયેલા અને તેમને ઈજાઓ થયેલ. હોબાળો થતાં

તેમના કુટુંબના માણસો તથા આરોપીઓના કુટુંબના માણસો ત્યાં ભેગા થઈ ગયેલા હતા અને ત્યાં બધા માણસોએ ભેગા થઈ જુદા પાડેલા. તેઓ ઘરે ગયા બાદ તેમના કુટુંબના આગેવાનો તેમને મળેલા અને બે દિવસ પહેલાં આરોપી પક્ષના છોકરા અને તેમના છોકરા વચ્ચે તકરાર થયેલી હતી તે બાબતનુ મનદુખ રાખી તેઓને ફરિયાદ કરવાનું જણાવેલું. વધુમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, તેઓને આરોપીઓ તરફથી કોઈ માર મારવામાં આવેલ ન હતો કે કોઈ ધાક ધમકીઓ કે કોઈ ગાળો બોલેલ ન હતી. આ કેસમાં જયારે જુબાની થયેલી ત્યારે પણ ગામ આગેવાનો કે જે તેમના કુટુંબના હતા તેમના કહેવા પ્રમાણે તેમના ભાઈએ હાલના આરોપીઓએ અને તેઓએ પણ જુબાની આપેલી. હાલના આરોપીઓએ તેમના વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવેલ હતી તેથી તેમના કુટુંબના આગેવાનોના કહેવાથી તેમના વિરૂધ્ધમાં ફરિયાદ આપેલી. હકીકતમાં આવો કોઈ કહેવાતો બનાવ બનવા પામેલ નથી અને હાલના આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે કોઈ ધમક ધમકી આપેલ નથી. હાલ તેમને અને આરોપીઓ સાથે કોઈ મનદુખ નથી અને તેઓ બધા ગામમાં હળી મળીને રહે છે. આમ, ફરિયાદીનો પુરાવો જોતાં તેઓએ પ્રથમ જયારે ફરિયાદ હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ત્યારે કુટુંબના આગેવાનોના કહેવાથી આપેલ હતો. આરોપીઓએ તેમને કોઈ માર મારેલ નથી કે ધમકી આપેલ નથી કે ગાળો બોલી અપમાનીત કરેલ નથી કે આવો કહેવાતો કોઈ બનાવ બનેલ નથી. આમ, ફરિયાદી તેમની આંક. ૨૩ થી રજુ થયેલ ફરિયાદને સમર્થન આપતા નથી અને ફરિયાદ કુટુંબના આગેવાનોના કહેવાથી આપેલ હોવાનું અને આવો કોઈ બનાવ બનેલ નથી પરંતુ અગાઉ બે દિવસ પહેલાં આરોપી પક્ષના છોકરા અને તેમના છોકરા વચ્ચે

તકરાર થયેલી હતી તે બાબતનું મનદુખ રાખી કુટુંબના આગેવાનોના કહેવાથી ફરિયાદ કરેલ હોવાનું જણાવે છે. આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં પોતાની સરતપાસમાં ફરિયાદ હકીકતને સમર્થન આપેલ છે તેને ઉલટ તપાસમાં ફેરવી તોળેલ છે અને આવો કોઈ બનાવ બનેલ ન હોવાનું જણાવે છે. આમ, ફરિયાદીના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધની કોઇ હકીકત નીકળી આવતી નથી. વધુમાં, હજુરસિંહને જે ઈજા થયેલ છે તે બાઇક સ્લીપ ખાઇ જતાં પડી જવાના કારણે ઈજાઓ થયેલ છે. આરોપીઓ ધ્વારા તેમને કોઇ ઈજાઓ કરવામાં આવેલ નથી તેવુ ફરિયાદના પુરાવાથી જણાય આવે છે.

૧૫. **ફ**રિયાદપક્ષના સાહેદ નં. ર મલસિંહ હિંમતસિંહ ડાભીને આંક. ૨૬ થી તપાસેલ છે અને તેઓએ ફરિયાદીના પુરાવાને સમર્થન આપતો પુરાવો સરતપાસમાં આપેલ છે. જયારે તેઓને રીકોલ કર્યા બાદ તેઓની કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને તથા આરોપીઓને તેમના ઘર પાસે જતા રસ્તા બાબતે તકરાર ચાલતી હતી. તેઓએ સ્વીકારેલ છે કે, હજુરસિંહ બાઇક લઇને આવતા હતા ત્યારે તેમના ઘર આગળ જતા રસ્તેથી પસાર થતી વખતે બાઇક સ્લીપ ખાઇ જતાં તેઓ પડી ગયેલા અને તેમને ઈજાઓ થયેલી. આમ, હજુરસિંહને જે ઈજાઓ થયેલી તે બાઇક સ્લીપ ખાઇ જતાં પડી જવાના કારણે થયેલી છે. વધુમાં, સાહેદ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, હોબાળો થતાં તેમના કુટુંબના માણસો તથા આરોપીઓના કુટુંબના માણસો ત્યાં ભેગા થઇ ગયેલા હતા. ત્યાં બધા માણસોએ ભેગા થઇ જુદા પાડેલા. વધુમાં, સાહેદની ઉલટ તપાસ જોતાં તેઓ ઘરે ગયા બાદ તેમના કુટુંબના આગેવાનો

મળેલા અને બે દિવસ અગાઉ આરોપી પક્ષના છોકરા અને તેમના છોકરા વચ્ચે તકરાર થયેલી હતી તે બાબતનું મનદુખ રાખી તેઓને ફરિયાદ કરવાનું જણાવેલું. તેઓ જણાવે છે કે, આરોપીઓ તરફથી તેમને કોઇ માર મારવામાં આવેલ ન હતો કે કોઇ ધાક ધમકી કે કોઇ ગાળો બોલેલ ન હતી. વધુમાં, તેઓ સ્વીકારે છે કે, આ કેસમાં જયારે જુબાની થયેલી ત્યારે પણ ગામના આગેવાનો કે જે તેમના કુટુંબના હતા તેમના કહેવા પ્રમાણે તેમના ભાઇએ હાલના આરોપીઓએ અને તેઓએ પણ જુબાની આપેલી. હાલના આરોપીઓએ તેમના વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવેલ હતી તેથી તેમના કુટુંબના આગેવાનોના કહેવાથી તેમના વિરૂધ્ધમાં ફરિયાદ આપેલી, હકીકતમાં આવો કહેવાતો કોઇ બનાવ બનવા પામેલ નથી અને હાલના આરોપીઓએ તેમને કોઇ માર મારેલ નથી કે કોઇ ધાક ધમકી આપેલ નથી. હાલ તેમને આરોપીઓ સાથે કોઇ મનદુખ નથી અને તેઓ બધા ગામમાં હળી મળીને રહે છે.

૧૬. વધુમાં, ફરિયાદપક્ષે સાહેદ ગુણવંતસિંહ મલસિંહ ડાભી તેમની આંક. ૨૯ ની જુબાનીમાં ફરિયાદીના પુરાવાને સમર્થનકારક પુરાવો આપે છે. જયારે રીકોલ કર્યા બાદ તેમની કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને તથા આરોપીઓને તેમના ઘર પાસે જતા રસ્તા બાબતે તકરાર ચાલતી હતી. હજુરસિંહ બાઇક લઇને આવતા હતા ત્યારે તેમના ઘર આગળ જતા રસ્તેથી પસાર થતી વખતે બાઇક સ્લીપ ખાઇ જતાં તેઓ પડી ગયેલા અને તેમને ઈજાઓ થયેલ. આમ, આ સાહેદનો પુરાવો જોતાં પણ હનુરસિંહને થયેલ ઈજા તે બાઇક સ્લીપ ખાઇ જવાના કારણે પડી જતાં ઈજા

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર

થયેલી છે. આરોપીઓએ કોઇ માર મારેલ હોય કે તેના કારણે ઈજા થયેલ હોય તેવી કોઇ હકીકત આ સાહેદ પણ તેમની ઉલટ તપાસમાં જણાવતા નથી. આ સાહેદ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને ઉલટ તપાસમાં ફેરવી તોળે છે અને આરોપીઓએ કોઇ માર મારેલ ન હતો કે કોઇ ધાક ધમકી આપેલ ન હતી કે કોઇ ગાળો બોલેલ ન હતી અને કુટુંબના આગેવાનોના કહેવાના કારણે તેમના ભાઇએ ફરિયાદ આપેલ હોવાનું જણાવે છે.

**૧૭.** પંચ ગોબરસિંહ દલપતસિંહ ડાભી તેમની આંક. ૩૧ ની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમને બે લખેલા કાગળમાં સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરેલી. કઇ બાબતની સહી કરેલી તેની ખબર નથી. તેમની જુબાનીમાં આંક. ૩૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. બીજા પંચ પીરસિંહ હમીરસિંહ ડાભીને આંક. ૩૫ થી તપાસેલ છે અને તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૮/૮/૧૯ ના રોજ કલાક ૯ થી૧૦ દરમ્યાન હાથીદ્રા ગામે ઓરડા વિસ્તારમાં પોલીસે બોલાવેલ. ત્યાં કીર્તીસીંહ જશવંતસીંહ હાજર હતા. બીજા પંચ ગોબરસીંહ હતા. જે સમયે તેઓ સાંકળેશ્વરી માતાએ દર્શન કરવા જતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા અને પોલીસે તેમને કહેલ કે ઝઘડા બાબતે સહી કરવાની છે. બનાવવાળી જગ્યા કીર્તીસિંહે બતાવેલી. બનાવવાળી જગ્યાએ મલસિંહ હિંમતસિંહ ના તથા તેમના કુટુંબીજનોના મકાન આવેલા છે. મકાન આગળ આર.સી.સી. રોડ છે. બનાવવાળી જગ્યા મલસિંહના ઘર આગળ આર.સી.સી. રોડ આવેલ છે તેની બાજુમાં બનેલો. બનાવવાળી જગ્યાએ લોહીના ડાધા જોવા મળેલા હતા. તે લોહીના ડાઘાવાળી માટી મેણીયાની થેલીમાં લીધેલી ત્યારબાદ પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકી ત્યારબાદ

સીલ કરેલ. જે અંગેનું આંક. ૩૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે જેમાં તેમની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, મલસિંહ હિંમતસિંહના ઘરના ઝાંપા પાસે આર.સી.સી. રોડ આવેલ છે તે જગ્યાએ બનાવ બનેલો. આમ, આ પંચ સાહેદનો પુરાવો જોતાં આર.સી.સી. રોડ ઉપર બનાવ બનેલ છે. તેમજ ફરિયાદી તથા સાહેદોનો પુરાવો જોતાં પણ બનાવવાળી જગ્યાએ બાઇક સ્લીપ થઇ જતાં પડી જવાના કારણે હજુરસિંહને ઇજાઓ થયેલી. આમ, આ પંચ સાહેદના પુરાવાથી બનાવવાળી જગ્યાએથી લોહી વાળી માટી કબજે લીધેલ છે હજુરસિંહને બાઇક સ્લીપ થઇ જવાના કારણે પડી જતાં ઇજાઓ થયેલી અને લોહી આવેલ હોય તે હકીકત જણાય આવે છે.

૧૮. પંચ સાહેદ સુરજસિંહ રંગતસિંહ ડાભીને આંક. ૩૭ થી તપાસેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, એકાદ વર્ષ પહેલાં તેઓ તથા દિલુસિંહ ખેતરમાંથી તેમના હાથીદ્રા ગામમાં આવતા હતા ત્યારે રસ્તામાં રોડ ઉપર પોલીસે ઉભા રાખી એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતાં સહી કરેલી. પોલીસે તેમને કોઇ સમજ આપેલી નહી. તેની જુબાનીમાં આંક. ૩૮ થી આરોપી નં. ૨ ની શરીરિસ્થતિ તથા હથિયાર કબજે કર્યાનું પંચનામું રજુ થયેલ છે. સદર પંચનામાની હકીકતને પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવે છે. આમ, પંચ સાહેદના પુરાવાથી આરોપી નં. ૨ ની શરીરિસ્થતિ તથા હથિયાર કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી. બીજા પંચ દીલુસિંહ નાનુસિંહ ડાભીને આંક. ૪૦ થી તપાસેલ છે. તેઓ પણ પોતાની જુબાનીમાં પોસે ઉભા

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર

રાખી એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતાંસહી કરેલ તે સિવાય કોઇ હકીકત જણાવતા નથી. આમ, પંચ સાહેદોના પુરાવાથી આંક. ૩૮ ના પંચનામાની હકીકત આ કામે પુરવાર થતી નથી.

૧૯. પંચ સાહેદ દેવુસિંહ વિજુસિંહ વાઘેલા તેમની આંક. ૭૨ ની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમને કોરા કાગળમાં સહી કરવાનું કહેતાં સહી કરેલી. તેમની હાજરીમાં કોઇ વ્યકિતઓએ ઓળખ કરવામાં આવેલ હોય કે કોઇ વ્યકિતઓએ હથિયાર રજુ કરેલ હોય તેવું બનેલ નથી. તેમની જુબાનીમાં આંક. ૭૩ થી આરોપીઓની શરીરિસ્થતિ તથા હથિયારી કબજે કર્યાનું પંચનામું રજુ થયેલ છે. સદર પંચ સાહેદના પુરાવાથી આરોપીઓની શરીરિસ્થતિ તથા હથિયાર કબજે કર્યાની હકીકતને સમર્થન મળતું નથી. બીજા પંચ ભગાજી કાનાજી ઠાકોર તેમની આંક. ૭૪ ની જુબાનીમાં કોરા કાગળમાં પોલીસે સહી કરાવેલ તે સિવાય અન્ય કોઇ હકીકત જણાવતા નથી. આમ, પંચ સાહેદોના પુરાવાથી આંક. ૭૩ ના પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી.

૨૦. **પી.**એસ.ઓ. અરવિંદસિંહ કરણસિંહ ચૌહાણ તેમની આંક. ૭૭ ની જુબાનીમાં જણાવે છે કે, તા. ૮/૦૮/૧૮ ના રોજ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. ના ચાર્જમાં હતા દરમ્યાન ફરિયાદીની ફરિયાદ જાહેર કરતાં તે નોંધી લઇ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પી.એસ.આઇ. શ્રી એ.વાય. પટેલને સોંપેલ. આમ તેઓએ ફરિયાદ આધારે ગુનો રજીસ્ટર કરેલો છે. તેમને બનાવ અંગે કોઇ જાત માહિતી નથી. ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, પાલનપુર તાલુકા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૯૩/૧૮

ની ફરિયાદ તેમની રૂબરૂમાં નોંધાયેલ હતી. તેમની રૂબરુ ફરિયાદીએ એવુ લખાવેલ કે, ગઇ કાલે તેઓને પો.સ્ટે. માં લાવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, ફ.ગુ.ર.નં. ૯૩/૧૮ વાળી ફરિયાદમાં અનુસંધાને ગુન્હો તેઓએ રજીસ્ટર કરેલો. તેઓએ સ્વીકારેલ છે કે, હાલના ફરિયાદી ફરિયાદ કરવા આવેલા તે પહેલાં તેમની ઉપર ઇ.પી.કોડની કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૪૨૭,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબનો ગુનો નોંધાયેલો. તેમની સમક્ષ ફરિયાદીએ જે ફરિયાદ નોંધાવેલી તેમાં તેઓને જાનથી મારી નાંખવાના ઇરાદાથી આરોપીઓએ તેમની ઉપર ગાડી ચડાવી દીધેલ તેવી હકીકત લખાવેલ ન હતી. તેમજ તેમની સમક્ષ ફરિયાદીએ જે ફરિયાદ નોંધાવેલી તેમાં તેઓને ઇજા થયેલ હોય અને તેઓને ડોકટરી સારવાર જરૂર હોય તેવી હકીકત લખાવેલ ન હતી. તેઓએ હાલના ગુનામાં ફરિયાદ લઇ ગુનો નોંધ્યા સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં ફરિયાદી અને આરોપીઓ વચ્ચે સામ સામી ફરિયાદો થયેલ હોવાનું જણાય આવે છે.

**૨૧.** ત.ક.અધિકારી અશોકકુમાર યશવંતભાઇ પટેલ તેમની આંક. ૫૭ ની જુબાનીમાં જણાવે છેકે, તેઓ પી.એસ.આઇ. તરીકે ફરજ પર હતા ત્યારે સદર ગુનાની તપાસ સંભાળી લઇ બનાવવાળી જગ્યાનું પંચનામું પંચો રૂબરુ કરેલ. બનાવવાળી જગ્યાએથી લોહીના ડાઘા વાળી તથા સાદી માટી પ્લાસ્ટીકની થેલીમાં લઇ તે થેલી પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકી તેમાં પંચોની સહી વાળી કાપલી મુકી તપાસ અર્થે કબજે લીધેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. ફરિયાદીનું વિશેષ નિવેદન લીધેલ. ગુનાના કામે ઇ.પી.કોડની કલમ–૩૦૭ નો ઉમેરો કરવા રીપોર્ટ કરેલ.

આરોપીઓને અટક કરેલ. આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું કરેલ અને તેઓએ બનાવમાં વાપરેલ હથિયારો તથા માર્શલ ગાડી રજુ કરતાં હોય તે પંચોની હાજરીમાં પંચનામું કરી કબજે લીધેલ. જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી અને પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલ હોવાનું જણાવે છે. વધુમાં, ત.ક.અધિકારીના પુરાવા મુજબ આરોપીઓને અટક કરી મેડીકલ ચકાસણી કરાવેલ. ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરાવેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આમ તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતું ત.ક.અધિકારીના પુરાવાને પંચ સાહેદોના પુરાવાથી તેમજ ખુદ ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં, ત.ક.અધિકારીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આરોપી પક્ષે ફરિયાદપક્ષ ઉપર પાલનપુર તાલુકા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૯૩/૨૦૧૮ થી ઇ.પી.કોડની કલમ– ૩૦૭,૩૨૫, ૩૨૪, ૩૨૪, ૨૯૪(ક), ૫૦૬(૨), ૪૨૭, ૧૪૩, ૧૪૮, ૧૪૯ મુજબ ની ફરિયાદ લીધેલી ત્યારે ફરિયાદ મુજબ ઇ.પી.કોડ કલમ ૩૦૭ મુજબના ગુના બાબતે કોઇ જાહેરાત ફરિયાદીએ કરેલ ન હતી. વધુમાં તેઓ જણાવે છે કે, તા. ૭/૦૮/૨૦૧૮ ના રોજ બનાવ બાદ આ ગુનાના ફરિયાદી અને તેમના સાહેદો પોલીસ સ્ટેશનમાં હાજર હોવા છતાં જયાં સુધી ફસ્ટ ગુ.ર.નં. ૯૩/૨૦૧૮ ના ગુનાની જાહેરાત આરોપીપક્ષે ન કરી ત્યાં સુધી હાલના ગુનાના ફરિયાદીએ તેમની સાથે કોઇ ગુનો બનેલ તેવી કોઇ વિગત જણાવેલ નહી. વધુમાં, તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ ગુનાના કામે ફરિયાદી તથા સાહેદોને હોસ્પિટલમાં સારવાર લેવી પડી હોય તેવી કોઇ ઇજાઓ થયેલી ન હતી. ફરિયાદ વખતે ફરિયાદી કે સાહેદોને તેઓને મોટર કાર (માર્શલ ગાડી) થી

કોઇ ઈજા થયેલ હોય તેવુ જણાવેલ ન હતું. વધુમાં તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેમની તપાસમાં ફરિયાદી કે સાહેદોને બનાવ વખતે કોઇ લોહી નીકળેલ હોય તેવુ પણ નીકળી આવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસમાં હજુરસિંહને આ બનાવમાં ગંભીર ઈજા થયેલ હોવાનો અને સ્થળ ઉપર જ બનાવ સમયે લોહી નીકળેલાનું ખુલેલ હતું. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જ એવુ લખાવેલ છે કે, આ કામના આરોપીઓએ તેમની વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી છે જેથી તેઓ આરોપીઓ સામે હાલની આ ફરિયાદ દાખલ કરાવવા આવેલા છે. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદી તથા તેમના સાહેદોએ આરોપી હજુરસિંહની માર્શલ ગાડીમાં તોડફોડ કરી કાચ ફોડીને ગાડીને નુકસાન કરેલાનું તેમની તપાસમાં ખુલેલું. તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેમની તપાસમાં જે કોઇ સાહેદોના નિવેદન લીધેલા છે તે સાહેદો ફરિયાદીના કુટુંબીજનો છે. તેઓએ સ્વીકારેલ છે કે, ગાડીના વિલમાર્ક અંગે તેઓએ કોઇ યાંત્રિક પરિક્ષણ કરાવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ ફરિયાદપક્ષનખા માણસોના ઘર સિવાય બીજા લોકોના પણ ઘર આવેલા છે અને દુધ મંડળી પણ આવેલી છે. તેઓએ તેવા બીજા લોકોના કે દુધ મંડળીમાં કામ કરતા માણસોના નિવેદનો લીધેલા નથી. તેઓએ સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યા આર.સી.સી. રોડ હતો. વધુમાં, તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓની હાજરી ગામમાં હતી કે કેમ તે અંગે મોબાઇલ લોકેશન મેળવી તેઓએ તપાસ કરેલ નથી.

૨૨. ઉપર મુજબ પડેલ પુરાવાઓનું વિશ્લેષણ કરતાં અને પરસ્પર

ચકાસતાં, ફરિયાદી અને ઈજા પામનાર સાહેદોનો પુરાવો જોતાં પોતાની સરતપાસમાં ફરિયાદ હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે જયારે ઉલટ તપાસમાં પોતાની સરતપાસની હકીકતોને ફળવી તોળેલ છે અને આરોપીઓ સાથે આવો કોઈ બનાવ બનેલ નથી કે આરોપીઓએ કોઈ માર મારી ઈજા પહોંચાડેલ નથી કે ગાળો બોલી અપમાનીત કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. ફરિયાદી તથા સાહેદોનો પુરાવો જોતાં ફરિયાદપક્ષ અને આરોપીપક્ષ વચ્ચે તેમના ઘર પાસે જતા રસ્તા બાબતે તકરાર ચાલતી હતી અને તે સમયે હજુરસિંહ બાઈક લઈને આવતા હતા ત્યારે બાઈક સ્લીપ થઈ જતાં તેઓ પડી ગયેલા અને તેઓને ઈજાઓ થયેલી છે. આમ હજુરસિંહને જે ઈજા થયેલ છે તે બાઈક સ્લીપ ખાઈ જવાના કારણે તેઓ પડી જતાં અને બનાવવાળી જગ્યાનું પંચનામું જોતાં બનાવવાળી જગ્યાએ આર.સી.સી. રોડ આવેલ છે ત્યારે બાઈક ઉપરથી પડી જતાં આર.સી.સી. રોડ ઉપર પડતાં તેઓને ઈજાઓ થયેલી છે. આરોપીઓના છોકરા અને ફરિયાદપક્ષના છોકરાઓ વચ્ચે બનાવ અગાઉ બે દિવસ પહેલાં તકરાર થયેલી હતી તે બાબતેનું મનદુખ રાખી સગા વ્હાલા અને આગેવાનોના કહેવાથી ફરિયાદ કરેલી છે. ત.ક.અધિકારીનો પુરાવો જોતાં આ કામે આરોપીપક્ષે પણ ફરિયાદપક્ષ સામે ફરિયાદ દાખલ કરાવેલ છે અને આરોપીપક્ષે ફરિયાદપક્ષ સામે ફરિયાદ દાખલ કરાવેલ ત્યારબાદ હાલના ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ સગાવાહાલાઓ અને આગેવાનોના કહેવાથી ફરિયાદ દાખલ કરેલ છે. આરોપીઓ એ તેમને કોઈ માર મારેલ નથી કે ધાક ધમકી આપેલ નથી કે ગાળો બોલી અપમાનીત કરેલ હોય તેવો કોઈ પુરાવો નથી. પંચ સાહેદો પણ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી. આ

કામે ઈજા પામનારને થયેલ ઈજા અંગે કોઈ મેડલકલ પુરાવો રજુ થયેલ નથી ત્યારે ખરેખર આરોપીઓના માર મારવાના કારણે ફરિયાદી તથા સાહેદોને જો કોઈ ઈજા થયેલ હોય તો તેઓએ સારવાર લીધેલ હોય પરંતું આવી કોઈ સારવાર લીધાના મેડીકલ પુરાવા આ કામે રજુ થયેલ નથી. આ કામના આરોપીપક્ષે પણ ફરિયાદી તથા સાહેદો સામે ફરિયાદ નોંધાવેલ છે. સામ સામે ફરિયાદો થયેલી છે. જયાં સુધી આરોપીપક્ષે ફરિયાદી તથા સાહેદો સામે ફરિયાદ દાખલ કરેલ ન હતી ત્યાં સુધી ફરિયાદી અને સાહેદો પોલીસ સ્ટેશન હાજર હોવા છતાં કોઈ ફરિયાદ કે જાહેરાત આપેલ નથી. ફરિયાદી તથા સાહેદોને હોસ્પિટલમાં સારવાર લેવી પડે તેવી કોઈ ઈજાઓ થયેલી ન હતી. ફરિયાદી કે સાહેદોને બનાવ વખતે કોઈ લોહી નીકળેલ હોય તેવુ પણ તપાસ દરમ્યાન નીકળી આવેલ નથી. ઉલ્ટાનું આરોપી હજુરસિંહને આ બનાવમાં ગંભીર ઈજા થયેલ હોવાનો અને સ્થળ ઉપર જ બનાવ સમય લોહી નિકળેલાનું ખુલવા પામેલ છે.

૨૩. આમ, સમગ્ર પુરાવાઓનું વિશ્લેષણ કરતાં બનાવના નજરે જોનાર સાહેદોના પુરાવાથી કે તટસ્થ એવા પંચોના પુરાવાથી કે કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી લેશમાાત્ર સમર્થન મળતું નથી. ફરિયાદી અને સાહેદોને જો આરોપીઓ ધ્વારા જો આ પ્રકારની ઈજા પહોંચાડવામાં આવેલ હોય તો તાત્કાલીક સારવાર લેવા માટે ગયેલ હોય પરંતુ આવી કોઈ સારવાર લીધેલ હોવા અંગે મેડીકલ પુરાવો રજુ થયેલ નથી. કોઈ ડોકટરને પણ આ કામે તપાસવામાં આવેલ નથી. ફરિયાદી તથા સાહેદો બનાવ બાદ પોલીસ સ્ટેશન હાજર હોવા છતાં તાત્કાલીક કોઈ ફરિયાદ આપેલી નથી અને જયારે આરોપીપક્ષ તરફે ફરિયાદી અને સાહેદો વિરૂધ્ધ ફરિયાદ

દાખલ કરાવેલ ત્યારબાદ હાલના ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરિયાદ દાખલ કરાવેલ છે. આમ, તાત્કાલીક કોઇ ફરિયાદ કરવામાં આવેલ નથી. ફરિયાદી તેમજ સાહેદોને કોઇ ઇજા થયેલ હોવાનું ત.ક.અધિકારીના પુરાવાથી પુરવાર થતું નથી. ફરિયાદ કરવામાં વિલંબ થયેલો છે તે હકીકત તદન સ્પષ્ટ થાય છે તેમજ જયારે ચર્ચા વિચારણા કરીને ફરિયાદ આપવામાં આવેલી છે ત્યારે તેવી ફરિયાદ આફટરશોક ફરિયાદ કહી શકાય, અને પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર ચોકકસપણે તેવી ફરિયાદ પ્રત્યે શંકા ઉપસ્થિત થઇ શકે. સમગ્ર હકીકત ધ્યાને લેતાં બચાવપક્ષના પુરાવાઓની ઉલટ તપાસ ધ્વારા શંકા ઉપસ્થિત કરવામાં સફળ રહેલ છે અને બનાવમાં હાલના આરોપીઓએ કોઇ ભાગ બજવેલ હોવા બાબતે શંકા ઉપજે છે ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ મેળવવા આરોપીઓ હકકદાર બને છે.

૨૪. **સદર**હું કામે ઉપર મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે પુરાવાાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ ધ્વારા ગુન્હાહિત કૃત્ય માટે આ કામના આરોપીઓ જ જવાબદાર છે તેવી હકીકત સબળ, સચોટ,અને વિશ્વસનિય પુરાવા ધ્વારા નિ:શંક પણે પુરવાર થઇ શકેલ નથી, અને સ્પષ્ટપણે તે હકીકતો પરત્વે શંકા ઉપસ્થિત થાય તેવી હકીકતો રેકર્ડ પર આવે છે અને તેથી જયારે પુરાવા દરમ્યાન કોઇ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઇઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીઓને આપવામાં આવે તો જ ન્યાય કર્યો કહેવા. સામાન્ય રીતે ગુન્હો કરનાર વ્યકિત છુટી જાય તે બાબતે યોગ્ય નથી, પરંતું જયારે નિર્દોષને સજા થાય ત્યારે અદાલતની વિશ્વસનિયતા ઘટવા લાગે છે. ન્યાયતંત્રની પવિત્રતા ઉપરથી સમાજનો વિશ્વાસ તુટી

જાય છે. નિર્દ્રોષ વ્યકિતને સજા થવાથી તેવી સજા ભોગવનાર વ્યકિત નહી પરંતું સમગ્ર સમાજના મનમાં ન્યાયતંત્ર માટે અણગમો પેદા થાય છે, અને તેથી જ તમામ સુસંસ્કૃત સમાજમાં આરોપીઓ સામેનું તહોમત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે તેવો સિધ્ધાંત અપનાવવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહે છે, અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ હકીકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઇએ, એક શંકા ગમે તેટલી દ્રઢ હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષનો કેસ સાચો છે અને સાચો હોઈ શકે તે શબ્દો વચ્ચે ઘણું અંતર છે, શંકા સંભવિતતા ગણાય નહી, કારણ કે શંકા એક માનસિક ગ્રંથી છે જેના પાયામાં તર્ક નહી પરંતું માનસ્કિ પ્રક્રિયા હોય છે. ફોજદારી કાર્યવાહીનું પરિણામ સામાન્ય રીતે સજામાં આવે છે અને આવી સજા ખોટા કારણે કે ખોટા મુલ્યાંકનના કારણે ન થાય અને નિર્દ્રોષ વ્યકિતને દંડ ભોગવવો ન પડે તે માટે નિ:શંકપણે ગુન્હો સાબિત થાય તે આવશ્યક છે. કારણ કે ખોટી રીતે થઈ જતી સજા વ્યકિતના સ્વાંતંત્ર ઉપર તરાપ સમાન છે. તે હકીકતો ધ્યાનમાં લઈને સદરહું કામે જોવામાં આવે તો આરોપીઓ વિરૂધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંક પણે પુરવાર થતો નથી.

૨૫. આમ, રેકર્ડ ઉપરની હકીકતો આધારે સમગ્ર પુરાવાઓનું વિશ્લેષણ કરતાં આ કામના આરોપીઓએ અગાઉ ફરિયાદીના ભત્રીજા સંજયસિંહ મહેન્દ્રસિંહ ડાભી ને આરોપી નં. ૧ રાહુલસિંહ હજુરસિંહ સાથે બોલાચાલી ગયેલ હોય અને તેની અદાવત રાખી આરોપીઓએ એકસંપણ થઈ ગેરકાયદેસર મંડળી રચી, પોતાના

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર

હાથમાં મારક હથિયારો તલવાર, લાકડીઓ જેવા પ્રાણઘાત હથિયારો ધારણ કરી જાનથી મારી નાંખવાના ઈરાદે આરોપી નં. ૩ નાએ તેના કબજાની ગાડી ફરિયાદી તથા સાહેદોના ઉપર નાંખી દઈ તમામ આરોપીઓએ ગાડીમાંથી નીચે ઉતરી પોતાના સમાન ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદી તથા સાહેદોને ગાળો બોલી અપમાનીત કરી આરોપી નં. ૩ નાએ ફરિયાદીને બાથે પડી અન્ય આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ દિનેશસિંહને પીઠ તથા કમરના ભાગે લાકડીઓથી આડેધડ મારમારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી જીવલેણ ઈજાઓ પહોંચાડી ઇ.પી.કોડની કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબના ગુન્હા કરેલ હોવાનું શંકાથી પર નિ:શંકપણે પુરવાર થતું નથી. જેથી પડેલ પુરાવા આધારે ફરિયાદ મુજબના કોઇ જ આક્ષેપો પુરવાર થતા ન હોય, મુદ્દા નં. ૧ નો નિર્ણય ''નકાર'' માં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

૧. આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઇ.પી.કોડની કલમ ૧૪૩,૧૪૭, ૧૪૮,૩૦૭,૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલની મહીન્દ્રા કંપનીની માર્શલ જીપ ગાડી બંધ બોડીની જેનો રજી. નં. જી.જે.૨ એ–૬૧૪૧ છે, તે અંગે જો અગાઉ કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર

તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે, અન્યથા અપીલ સમય બાદ તેના માલિકની ખરાઇ કરી પરત સો પવી, તેમજ અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

3. આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેન્ટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ- ૪૩૭(એ) મુજબ રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ આ કોર્ટ સમક્ષ આપવા.

આજ તા. ૯ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ : પાલનપુર<br>તારીખ : ૦૯/૦૬/૨૦૨૬ | **(અમિત જે. કાનાણી)**<br>ત્રીજા એડીશનલ સેશન્સ જજ,<br>બનાસકાંઠા-પાલનપુર<br>(કોડ નં. જી.જે.૦૦૬૬૨) |

***//raval//***

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા-પાલનપુર